**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૨/૧૧/૨૦૧૬ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી ૧૦૮ લીટર દેશી દારૂ અને ૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૦૧૪/૧૬**

**માધવપુરા** : બાબુભાઇ હીરાભાઇ ચૌહાણ (ઉ.વ.૨૮)(રહે,પરિક્ષીતનગરના છાપરા, ચન્દ્રભાગા જુના વાડજ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૧/૧૬ સવારના કલાક ૭/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે શાહ કોલોની પાસે આવેલ એ.એમ.એન્ટરપ્રાઇઝ નામની બંધ દુકાનના શટર પાસે ફુટપાથ ઉપર કોઇ અજાણ્યા ઇસમે પોતાનો ઇરાદો પાર પાડવા સારૂ, બાબુભાઇનાં મોટાભાઇ શૈલેષભાઇને કપાળના ભાગે પથ્થર મારી, ગંભીર ઇજા કરી, શૈલેષભાઇનું મોત નિપજાવેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.ખિલેરી ચલાવે છે.

**ખુનની કોશીશ :-** **સમાચાર યાદી નં.૨૦૧૫/૧૬**

**વાડજ** : નિરવભાઇ બાબુભાઈ ઠાકોર (ઉ.વ.૩૦)(રહે.રબારી વસાહત, ઝવેરી પાર્ક, જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે જુનાવાડજ સૌરાબજી કમ્પાઉન્ડ, કિશોર કોલ્ડ્રીંક્સ ચાર રસ્તા પાસે, આરોપી તરણ સરદાર (રહે.ગુરુધ્વારા પાસે, જુનાવાડજ) અને તેનાં પાંચ સાગરીતોએ ભેગામળી નિરવભાઇને “પોતાના વિરૂધ્ધમાં કેમ પોલીસમાં અરજી કરી છે” તેમ કહી, નિરવભાઇને તીક્ષ્ણ હથિયાર વડે માથાના ભાગે ગંભીર ઈજા કરી, તેમજ અન્ય સાગરીતોએ ધોકા વડે માર-મારી નિરવભાઇને શરીરે ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૦૧૬/૧૬**

**શાહપુર** : સઇદાબીબી વા/ઓ હુસેનભાઇ લાલ (ઉ.વ.૮૦)(રહે,નબુ માસ્તરનુ ડહેલુ, દલાલ બીલ્ડીંગ સામે, નાગોરીવાડ શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૧/૧૬ બપોરના ૧૨/૩૦ થી ૨/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન એક અજાણી સ્ત્રી (૨૮ થી ૩૫ વર્ષ આશરાની) પોતાના ઘર નજીક આવી, સઇદાબીબીને વિશ્વાસમાં લઇ, અપંગ તથા અંધ માણસોને પૈસા અપાવવાનું કહી, સઇદાબીબીને તેમનાં ઘરેથી રિક્ષામાં બેસાડી અસારવા સીવીલ હોસ્પીટલ નજીક દવાખાના સામે ઉભા રાખી, "તમારો એક્ષ-રે પડાવવો પડશે" તેમ કહી, સઇદાબીબીએ પહેરેલ સોનાની બે બંગડીઓ કિંમત રૂપીયા ૫૦,૦૦૦/- મતાની કઢાવી લઈ, સઇદાબીબી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર ચલાવે છે.

**ઘાટલોડીયા** : સૌરભભાઇ જશવંતભાઇ શાહ (ઉ.વ.૩૫)(રહે,સુર્યદીપ ટાવર, સ્ટેટ બેન્કની સામે, ગુરૂકુળ રોડ, મેમનગર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૧/૧૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાનાં ઘર નજીક સફેદ અલ્ટો કારમાં આવેલ એક ઇસમ (નાગા બાવા જેવો) એ સૌરભભાઇને વિશ્વાસમાં લઇ, તેમના જમણા હાથમાં પહેરેલ સોનાનું બ્રેસલેટ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાનું છેતરપીંડી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જોષી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૧૭/૧૬**

**ઇસનપુર** : કુસુમબેન ગોપાલભાઇ ચૌધરી (ઉ.વ.૬૭)(રહે,મંગલમુર્તી સોસાયટી, કેનાલ રોડ, ઘોડાસર, ઇસનપુર) એ તા.૧/૧૧/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧૦/૧૬ ના કલાક ૬/૧૫ થી તા.૩૧/૧૦/૧૬ ના કલાક ૧૦/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં બંધ મકાનમાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી (૧) સોનાનો નેકલેસ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૨) સોનાની બે બંગડી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૩) સોનાની મોહનમાળા કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- (૪) કાનની બુટ્ટી કિંમત રૂપિયા ૮૦૦૦/- (૫) ચાંદીના સિક્કા કિંમત રૂપિયા ૧૫૦૦/- અને (૬) રોકડા રૂપીયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપીયા ૯૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈષ્યક ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૦૧૮/૧૬**

**વાડજ** : ચંદ્રીકાબેન મનહરલાલ શાહ (ઉ.વ.૭૨)(રહે.ભુમિ એપાર્ટમેન્ટ, નારણપુરા) તા.૧/૧૧/૧૬ સાંજનાં ૭/૧૫ વાગ્યાના સુમારે ઉસ્માનપુરા નમસ્કાર બંગ્લો રણછોડના મંદિર પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) ચંદ્રીકાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચંદ્રીકાબેન શાહે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ. શ્રી કિશોરકુમાર ફરશુરામ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની કાનની બુટ્ટી ખેંચી તોડી લઇ ગયો :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૧૯/૧૬</u>**

**બાપુનગર** : ગીતાબેન વા/ઓ ચંદુલાલ નાયક (ઉ.વ.૫૦)(રહે,ક્રિષ્ણા પાર્ક સોસાયટી, રેલ્વે સ્ટેશન પાસે, બારેજડી તા.દસક્રોઈ જી.અમદાવાદ) તા.૧/૧૧/૧૬ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર શ્યામ શિખર ચાર રસ્તા મેમ્કો તરફ જતા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યો પુરૂષ (૨૫ વર્ષના આશરાનો) ગીતાબેનનાં કાનમાંથી સોનાની શેર સાથેની ઝુમ્મરવાળી બુટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ગીતાબેન નાયકે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર રત્નાભાઈ ચલાવે છે.

**<u>સાયકલ ઉપરથી પડી જતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૦/૧૬</u>**

**બાપુનગર** : દલપતભાઈ ખોડાભાઈ રાઠોડ (ઉ.વ.૫૫)(રહે,રાજીવ નગર, બાપુનગર) તા.૧/૧૧/૧૬ નાં કલાક ૮/૩૦ વાગ્યાનાં સુમારે બાપુનગર એસ.બી.આઈ બેંક નજીક સાયકલ ઉપરથી પડી જતાં, દલપતભાઇને માથાનાં પાછળના ભાગે ગંભીર ઈજા થતાં, સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરતાં સારવાર દરમ્યાન દલપતભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઘનશ્યામભાઇ ભલાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)